## બિનસરકારી માધ્યમિક શાળાઓનો બિનશૈક્ષણિક કર્મચારીઓને પ્રાપ્ત રજાઓનું રૂપાંતર કરવા દેવા બાબત(સેવા દરમ્યાન)

ગુજરાત સરકાર, નાણાં વિભાગ
ઠરાવ ક્રમાંક : બમશ/ ૧૧૯૪/યુઓ/૯–૫/૫,
તા.૫ મી મે, ૧૯૯૫

**ઠરાવ :** આમુખમાં જણાવેલ તા.૫–૧–૯૪ ના ઠરાવ અન્વયે બિનસરકારી માધ્યમિક શાળાઓમાં બિનશૈક્ષણિક કર્મચારીઓને સેવા દરમ્યાન દર બે વર્ષના એક બ્લોકમાં ૧૯૯૩–૯૪ ના બ્લોક વર્ષથી ૧૫ દિવસની પ્રાપ્ત રજાઓનું રોકડમાં રૂપાંતર મંજુર કરવાનું ઠરાવવામાં આવેલ છે. આ ઠરાવમાં બિનસરકારી માધ્યમિક શાળાઓના પ્રથમ આચાર્યનો સમાવેશ કરવામાં આવ્યો ન હતો. આથી સરકારશ્રીને તે બાબત આચાર્ય સંઘ તરફથી રજુઆતો મળેલ હતી.

શિક્ષણ વિભાગના તા. ૧૦–૪–૮૯ ના ઠરાવ ક્રમાંક : બમશ/૧૦૮૮/૭૫૨/૮૯/ગ, અન્વયે બિન અધ્યાપકીય સ્ટાફના સભ્ય તથા આચાર્ય (પ્રથમ આચાર્ય) ને કોઈપણ વેકેશન માટે હકકદાર ગણવામાં આવેલ ન હોઈ તેથી તેઓને નોકરીના પૂરા વર્ષ માટે ૩૦ દિવસ લેખે પ્રાપ્ત રજાઓ મળવાપાત્ર થાય છે તે બાબતને ધ્યાનમાં લેતાં બિનસરકારી માધ્યમિક શાળાઓના આચાર્ય બિનવેકેશન ગણાશે. આથી તે વર્ગ ને પ્રાપ્ત રજાના રોકડમાં રૂપાંતરનો લાભ આપવાની બાબતમાં કાળજીપૂર્વકની વિચારણાને અંતે સરકારશ્રીએ બિનસરકારી માધ્યમિક શાળાઓના પ્રથમ આચાર્યને પણ નાણાં વિભાગના તા.૫–૧–૯૪ ના ઉપર જણાવેલ ઠરાવનો લાભ ૧૯૯૩–૯૪ ના બ્લોક વર્ષથી આપવાનુ ઠરાવેલ છે.

આ ઠરાવનો અમલ તા.૧–૧–૯૩ થી શરૂ થતાં બ્લોક વર્ષથી કરવાનો રહેશે.